# બાળકને શું બનાવશો ? મજૂર,મેનેજર કે માલિક ?

કોજમાં તાલીમાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત ચાલી રહી હતી. વર્ષ દરમિયાન તાલીમાર્થીઓએ કરેલ કામ અંગેની ચર્ચાઓ અને ભવિષ્યના આયોજન અંગેની વાત થતી હતી. બે તાલીમાર્થી બહેનો અંગ્રેજી વિષયપદ્ધતિ સાથે શિક્ષકની તાલીમ લઇ રહી હતી. બંને બહેનોને અંગ્રેજી વિષયને લઇને ખુબ જ સરળ પ્રશ્નો પૂછવામાં આવ્યા. બંને બહેનો લઘુતાથી પિડાતી હોય તેમ લાગ્યું. સરળ પ્રશ્નોના સાચા જવાબ આપી શકી નહીં. અમે હિંમત વદારવાનો પ્રયત્ન કર્યો,, પણ નાકામિયાબ રહયા. અમારાર્થી એક વિદ્યુ પ્રશ્ન પૂછાઇ ગયો કે, તમને અંગ્રેજી વિષયમાં રસ છે ? અનાયાશે બંને બહેનોનો જવાબ સમાન હતો. બંને બહેનોએ કહ્યું કે, ધો.૧૨ પછી અમે કોલેજમાં પ્રવેશ લીધો ત્યારે અમારે અંગ્રેજી વિષય નહીં પણ અન્ય વિષય સાથે સતક બનવું હતું. પણ અમારા પપ્પા માન્યા નહીં અને તેમના દબાણને કારણે જ અમે અંગ્રેજી વિષય લીધો હતો. તેમાં પણ એક બહેને તો જણાવ્યું કે, જ્યારે કોલેજમાં પ્રવેશ લેવાનો સમય આવ્યો ત્યારે મેં મારા પસમદગીના વિષયની વાત કરી હતી, પણ પપ્પા માન્યા નહીં અને મને જણાવેલું કે, જો કોલેજ કરવી હોય તો અંગ્રેજી વિષય સાથે જ કરવાની છે, અન્ય વિષય સાથે કોલેજ કરવાની જરૂર નથી. ઘેર બેસી રહેશો તો પણ ચાલશે.

ત્યારે પ્રશ્ન અને દુ:ખ થાય છે કે, જે વાલી બાળકના રસ, બાળકની શક્તિ, બાળકની ઇચ્છા ન જાણતા હોય તેમની બાળકને માર્ગદર્શન આપવાની લાયકાત છે ખરી ? ઉપરના ઉદાહરણમાં જોયું કે એક વાલીએ તો ત્યાં સુધી કહેલું કે, અંગ્રેજી વિષય સિવાય કોલેજ કરવાની જરૂર નથી. ત્યારે આ વાલી એ પણ નથી જાણતા કે, સમાજ અને શિક્ષણમાં માત્ર અંગ્રેજી વિષય જ નથી, અનેક વિષયો છે અને કોઇપણ વિષયમાં પારંગત બનીને જીવનવિકાસ સાધી શકાય છે. હકીકતમાં કોઇપણ વિષય હલકો નથી કે ભારે નથી. દરેક વિષયની માંગ છે અને રહેશે. સત્ય એ છે કે જે તે વિષયમાં તમે કેટલા ઊંડા ઉતર્યા છો ? જે તે વિષયને લઇને અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં તમારું સ્થાન ક્યાં છે ? ભારે અઘરો ગણાતો વિષય લઇને તમે છેલ્લા નંબરે પાસ થશો તો તમને કોઇ બોલાવશે નહીં, પણ સરળ ગણાતો વિષય લઇને જો તમે ઉચ્ચ સ્થાન પર હશો તો તમને બોલાવનારની લાઇનો તમારા ઘેર હશે.

અત્યારે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા ચાલી રહી છે, બાકીના પ્રવાહની પરીક્ષા પણ ટૂંક સમયમાં આવશે અને પૂર્ણ થશે. સમાજમાં એમાં પણ કાસ કરીને વાલીઓના મોઢાંમાંથી એક જ સૂર નીખળતો હશે કે, અમારે તો અમારા બાળકને ફલાણો કોર્સ લેવડાવવો છે તો કોઇ વાલી વળી એમ કહેતા હશે કે અમારે તો અમારા બાળકને ફલાણો વ્યવસાય જ કરાવવો છે અને અમે તે માટે કોઇપણ ભોગે જે તે કોર્સમાં પ્રવેશ લેવડાવીશું જ. આ વાલીઓ પોતે જે બની નથી શક્યા કે પોતાની બનવાની તાકાત નહોતી, જેથી પોતાના બાળકને તે બનાવવાના સ્વપ્ન જૂએ છે. અને આ હરખપદુડો વાલી કદાચ તેવા કોર્સમાં ગમે તે ભોગે પ્રવેશ પણ લેવડાવશે. લાખો રૂપિયાના ડોનેશન આપશે, તાકાત બહારના દેવા કરશે પણ કરશે તો પોતાનું જ ધાર્યું. એટલું જ નહીં પોતાના પરિચિતો પાસે જઇને બણગાં ફૂંકશે અને પરિચિતોના મનમાં પોતાના વિચારો ઘૂસાડવાના પ્રયત્ન કરશે. જો કોઇ પરિચિત વ્યક્તિ બિચારો ફસાઇ જાય તો તેને ડાહ્યા માણસનું બિરુદ આ ગાંડો માણસ આપશે ! અને જો કોઇ પરિચિત તને કહ્યાંમાં ન આવે તો તેની સાથે કદાચ બોલવાનું ઓછું કરશે અને બીજાને કહેતો ફરશે કે, મેં તો સાચી સલાહ આપી હતી પણ તે માનતા નથી, છોકરાનું ભવિષ્ય

બગાડવા બેઠા છે વગેરે . અરે ભાઇ તું જે સલાહ આપે છે તે સાચી છે તેવું પ્રમાણપત્ર તને કોઇએ આપ્યું છે .? આવા વાલીઓ પોતાના બાળકનું જ નહીં પણ પોતાનું અને પોતાના કુટુંબનું ભવિષ્ય બગાડે છે. તેમના મતે તો કોઇપણ ભોગે ચોક્કસ કોર્સનું ડિગ્રી સર્ટીફીકેટ આવી જાય એલટ જગ જીત્યા, પછી ભલેને જે તે કોર્સના જ્ઞાન કે કૌશલ્યનો અભાવ કેમ ન હોય. તેમના માટે પ્રમાણપત્ર અગત્યનું છે. જે તે કોર્સના કૌશલ્ય નહીં. આવી રીતે કોર્સ કરીને બહાર પડતા છોકરાઓ લાગવગના જોરે ક્યાંક નોકરી મેળવી લેશે, જો નોકરીમાં મન નહીં લાગે, રસ નહીં પડે તો પૂરી નિષ્ઠા નહીં આવે,મજૂરની જેમ કામ કરશે, બોશ દરરોજ ગધેડાની જેમ દરરોજ ડફણા મારશે. ટૂંકમાં મજૂર બનીને રહેશે. જો સખત મહેનત કરશે, પૂરી નિષ્ઠાથી રાત દહાડો નોકરી કરશે તો તેના કામની કદર થશે. તેને પ્રમોશન મળતા રહેશે અને લાંબી નોકરીના અંતે કદાચ જે તે કંપની કે સંસ્થામાં ઉચ્ચ સ્થાને નોકરી કરતો હશે, કદાચ મેનેજર પણ બન્યો હશે. પણ કેટલા કામ અને નિષ્ઠાના અંતે તેને નોકરી તો કોઇ બોશના હાથ નીચે જ કરવી પડશે.

ઉપરના ઉદાહરણથી વિપરિત જો કોઇ વાલી પોતાના બાળકના રસરુચિ જાણે, તેને શું પસંદ છે અને નાપસંદ છે, તેની આવડત કે શક્તિ કેટલી છે વગેરે જાણીને જો કોઇ કોર્સ પસંદ કરશે તો પેલો વિદ્યાર્થી હોંશેહોંશે ભણશે. કારણ કે તેને તેમાં રસ છે. તેને ભણવા બેસ તેમ કહેવું નહીં પડે. તે પોતાની મેળે સતત અભ્યાસ કરશે, નવા નવા સંશોધનો પણ કરતો રહેશે. પૂરા આત્મવિશ્વાસ સાથે ભણીને શક્ય તેટલો આગળ વધવાનો પ્રયત્ન કરશે. આમથતાં જે તે કોર્સ કરતાં કરતાં જરૂરી તમામ કૌશલ્યોનો વિકાસ તેનામાં થતો રહેશે. તે પૂરાજ્ઞાન, કૌશલ્ય અને આત્મવિશ્વાસ સાથે કોર્સ પૂરો કરીને બહાર નીકળશે ત્યારે તેને નોકરીમાં રસ નહીં હોય, તેને સ્વતંત્ર રીતે કામ કરવાનો જ રસ હશે અને તે તેમ કરીને જ જંપશે. આમ થતાં તે તેના હાથ નીચે કેટલાક માણસનો સહયોગ પણ લેશે. સમય જતાં જે તે વ્યવસાયમાં પોતાનું સાહસ કરીને કોઇ કંપની કે સંસ્થા ઊભી કરશે. જેને આપણે તે કંપનીનો માલિક કહીશું. આવું ક્યારે શક્ય બન્યું ? જ્યારે તેના રસરુચિ મુજબના કોર્સ કરીને તે પ્રમાણેનો વ્યવસાય પસંદ કરવાની સ્વતંત્રતા આપી ત્યારે. માટે જ દરેક વાલીને કહેવાની ઇચ્છા થાય છે કે, તમે તમારા બાળકને જેમતેમ કરીને માત્ર તમારી પસંદગીનો કોર્સ કરાવશો કે માત્ર જ્ઞાની જ બનાવવાનો પ્રયત્ન કરશો તો તે કોઇ કંપનીમાં મજૂર કે મેનેજર બનશે, પણ જો તેના રસરુચિ મુજબના કૌશલ્ય વિકસાવશો તો તે કોઇ કંપનીનો માલિક બનશે. " ચોઇસ ઇઝ યોર, તમારે તમારા બાળકને કોઇ કંપનીનો મજૂર બનાવવો છે કે મેનેજર કે માલિક ?"

અરે, ભાઇ આપણે જ્યારે કોઇ અમિતાભ બચ્ચનની કોઇ ફિલ્મ જોતા હોઇએ ત્યારે ક્યારેય એવું વિચારીએ છીએ ખરા કે તેમને ધો.૧૨માં કયા વિષયો હતા ? શિખર ધવને ફાંકડા ૧૮૫ રન કર્યા ત્યારે મેચ જોતી વખતે આપણે વિચારતા હતા કે તે કેટલું ભણ્યો છે ? સાહેબ મારા, સચિન તેંડુલકર ધો. ૧૦માં નાપાસ થયેલ. પણ તેનું આ નાપાસ થવું ક્યાંય આપણને ખટક્યું છે ખરું ? અરે, કોઇપણ શહેરમાં પ્રખ્યાત પાણીપૂરી કે ભાજીપાંવ કે ગોટા-ફાફડા ખાવા માટે આપણે બે-ચાર કિમીનો ધક્કો ખાઇને જઇએ છીએ. ત્યારે ક્યારેય રસોયાને પૂછીએ છીએ કે ભાઇ તું કેટલું ભણેલો ? ક્યાં ભણેલો ? તારી પાસે કુકીંગનું સર્ટીફિકેટ છે ? ના. આપણને તો ચટાકેદાર ખાવામાં જ રસ છે તેના ભણતર સાથે કોઇ લેવાદેવા નથી. તેમ દોસ્તો, તમારું બાળક મોટું થઇને જો કોઇ એક ચોક્કસ વ્યવસાયમાં પ્રખ્યાત હશે તો આખા ગામ કે શહેરને તેને ત્યાં ધક્કો ખાવો પડશે. કોઇ તેને નથી પૂછવાનું કે તું ક્યાં અને કેટલું ભણ્યો ? માટે મિત્રો, દરેક બાળકના રસરુચિ, શક્તિ જાણીને ભણાવો, તમારી પસંદ કે ઇચ્છા ઠોકી ના બેસાડો.